
ગાંધીનગર સમાચાર

# 'જય રણછોડ માખણચોર'ના જયઘોષથી ગાંધીનગર શહેરનું ગગન ગાજી ઊઠ્યું



તસવીર : અર્પણ પંડ્યા

- જગતનાથ ભગવાન જગન્નાથજીની રથયાત્રાને આજે ગાંધીનગરના પંચદેવ મંદિરે ફૂલશંકર શાસ્ત્રીજી ધર્માધ્યક્ષ, મંત્રી ફકિરભાઈ વાઘેલા અને મ.ન.પા.ના મેયર મહેન્દ્રસિંહ રાણાએ સવારે ૭.૧૦ વાગે પહિંદવિધિ કરી રથને પ્રસ્થાન કરાવ્યું હતું.
- પંચદેવ મંદિરેથી રથયાત્રા સેક્ટર-૨૨ ખાતે પહોંચતા વેપારી મંડળ દ્વારા ભવ્ય સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૨૨ વસાહત મંડળના સભ્યો દશરથભાઈ પટેલ, પસાભાઈ પટેલ, જયંતભાઈ સુખડીયાએ પૂજાઅર્ચના કરી સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૧૭ શોપીંગ સેન્ટરના સભ્યો રજુજી ગોલ, રમેશભાઈ પરમાર, સમીર પંડિત દ્વારા મટકી ફોડ કાર્યક્રમ યોજી કાકડીનું વિતરણ કરાયું.
- સેક્ટર-૧૭ સરસ્વતી શીશુ મંદિર શાળાના બાળકોએ બેલ્જીયમ અને લેજીમ ઈક્વુટમેન્ટ વગાડી રથનું સ્વાગત કર્યું.
- સેક્ટર-૧૭ હનુમાન મંદિરે આચાર્ય નરોત્તમદાસજી અને હરિઓમ આચાર્યે આરતી કરી સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૧૬માં ગાંધીનગર નાગરિક બેંકના સભ્યો મનુભાઈ પટેલ સહિત અન્ય સભ્યો દ્વારા સ્વાગત કરી ભક્તોને નાસ્તાનું વિતરણ કરાયું.
- સેક્ટર-૧૬ વેપારી મંડળના જયંતભાઈ પટેલ અને અરૂણભાઈ બુચ સહિત વેપારીઓ, બાલાજી મંદિરના સભ્યો તથા સમસ્ત બ્રહ્મસમાજના આગેવાનો નરેશભાઈ દવે, નરેન્દ્રભાઈ રાવલ, પ્રતિમાબેન દવે ઉપસ્થિત રહ્યા હતા અને રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૧૫ના ફતેપુરા ગામમાં ઠાકોર સમાજના આગેવાનો અને રહિશોએ ઉત્સાહભેર રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૧૨ અશોક દેસાઈ, દિલીપભાઈ તથા સાંઈનાથ સેવા સમિતિ અને મિત્રમંડળ દ્વારા રસના પ્રસાદીનું વિતરણ કરાયું.
- સેક્ટર-૧૩ની ઓમકાર સ્કૂલ તથા તક્ષશીલા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું. તથા કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર તથા ભરત પટેલ, દિલીપ ગોહિલ હાજર રહ્યા હતા.
- સેક્ટર-૧૨માં અખિલ ગુજરાત લોહાણા સમાજના અગ્રણી શ્રીકાંત અખાણી, કલ્પેશ ઠક્કર તથા નાજાભાઈ ધાંધરે સ્વાગત કર્યું હતું તથા છાશનું વિતરણ કરાયું હતું. ઉપરાંત કડવાપાટીદાર સમાજ તથા ઉમિયા માતાજી સંસ્થાના સભ્યો મંગળદાસ પટેલ, ભોળાભાઈ પટેલ અને સિવિલની માઈક્રો શોપીંગના સભ્યો દ્વારા પાણીના પાઉચનું વિતરણ કરાયું. તથા રાજપૂત સમાજના અગ્રણી પી.પી. બિહોલા, નરેન્દ્રસિંહ વાઘેલા, શંકરસિંહ ગોહિલ અને પ્રદિપસિંહ વાઘેલાએ સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૬ સરસ્વતી વિદ્યાલયના બાળકો, સે. ૬ સરકારી શાળા, શોપીંગ સેન્ટર, વસાહત મંડળના સભ્યો ઉમેશ પારેખ, મહેશ શેનવા તથા મોહિત જેઠવા અને કોર્પોરેટરો શંકર ચૌધરી, કાર્તિક પટેલ, રાકેશ પટેલ, પંકજ પટેલ અને કનુભાઈ પટેલ, પરાગીબેન પંડ્યાએ રથનું સ્વાગત કરી છાસનું વિતરણ કર્યું હતું.
- સેક્ટર-૩ ખાતે વિનુભાઈ ઘડીયાળીએ સ્વાગત કરી ભક્તોને રસના, ભાજપ યુવા મોરચાના સભ્યો ઉરેનભાઈ, હસમુખ, કૃણાલભાઈ લીંબુ સરબત વહેંચી સ્વાગત કરાયું હતું.
- ઘ-૨ કોર્નર નજીક લીયો, લાયોનેસ તથા લાયન્સ ક્લબ દ્વારા મહાપ્રસાદ બિસ્કીટ અને ચવાણાનું વિતરણ કરાયું.
- સેક્ટર-૨-૭ના કોર્નર પાસે વસાહત મંડળ, જાગૃત નાગરિક પરિષદ તેમજ પેન્શનર સમાજના સભ્યો તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી અને વિપક્ષના નેતા મનુભાઈ પટેલ, કોર્પોરેટર આશિષ દવે સહિત આગેવાનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૭ વેપારી મંડળના સભ્યોએ શરબત, પ્રસાદ પાણીનું વિતરણ કર્યું હતું.
- સેક્ટર-૮ના પ્રવેશ દ્વારે કોર્પોરેટર કાર્તિક પટેલ અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા તથા સ્ટાફ પરિવારે રથયાત્રાનું ફુલહાર કરી રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું તથા સેક્ટર-૮ શોપીંગ સેન્ટર ખાતે કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખભાઈ મકવાણા અને જયદિપ ઠાકોરે ભવ્ય સ્વાગત કર્યું હતું.



તસવીર : સૌમ્ય બ્રહ્મભટ્ટ

- સેક્ટર-૧૦ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કર્મચારીઓએ રથનું સ્વાગત કરી ચવાણાનું વિતરણ કર્યું હતું તથા કલોલ તાલુકા પંચાયતના સદસ્ય આશાબેન પટેલે ફૂલહારથી સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૯ વેપારી મહામંડળે રથયાત્રાનું સ્વાગત કરી ભક્તોને આઈસ્ક્રીમનું વિતરણ કરાયું.
- સેક્ટર-૧૯માં વેપારીમંડળ, વસાહતમંડળ અને ફુલબાઈ નવરાત્રી મંડળે રથનું સ્વાગત કરી શરબતનું વિતરણ કર્યું હતું.
- સેક્ટર-૨૦ શક્તિ ચોક યુવક મંડળ દ્વારા ભવ્ય સ્વાગત કરી છાશનું વિતરણ કરાયુ તથા અક્ષરધામ મંદિર પરિવારના સભ્યો નિતિન છનીયારાએ રથયાત્રાનું હર્ષોલ્લાસપૂર્વક સ્વાગત કરી પ્રસાદીનું વિતરણ કરાયું હતું તેમજ ગુરૂદ્વારા સેક્ટર-૨૦ દ્વારા નાસ્તાનું વિતરણ કરાયું હતું.
- સેક્ટર-૨૯ ખાતે ડે. મેયર યુસુફ પરમાર, યાકુબ મનસુરી તથા બાબુભાઈ પ્રેસ્ટીઝ અને અન્ય અગ્રણીઓ ફૂલહારથી સ્વાગત કરી ઠંડા પીણાનું વિતરણ કર્યું હતું તથા સે. ૨૯ જલારામ મંદિર ભગવાનના મોસાળામાં ભક્તોએ મોટી સંખ્યામાં ખિચડી, શાક, છાસ, બુંદુ અને ગાંઠીયાનો પ્રસાદલઈ વિરામ કર્યો હતો. • સે. ૨૯ મહાકાલી મંદિરના પૂજારી બાબુભાઈ પુરીમહારાજે ભગવાનની આરતી ઉતારી સ્વાગત કર્યું હતું.
- ઘ-૭ સર્કલે ૨૦૦ જેટલા વસાહતીઓએ ભવ્ય સ્વાગત કર્યું હતું.
- સે. ૨૮માં વેપારીમંડળ તેમજ મુસ્લીમ અગ્રણી બાબુભાઈ મન્સુરી, વિનાયત અલી સૈયદ, આઝાદ મન્સુરીએ ભગવાનની આરતી ઉતારી સ્વાગત કર્યું હતું તથા એકતા મિત્ર મંડળ, વેપારી મંડળ દ્વારા રસનાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા દત્ત મંદિર પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા સમર્પણ મૂકબધિર શાળાના ટ્રસ્ટી વૈભવ જાની દ્વારા ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલવડા ચીપ ટાઈપ શોપીંગ સેન્ટર દ્વારા લીંબુ શરબત જીવણભાઈ, દશરથભાઈ અને સંજયભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા પાણીની પરબ મુકવામાં આવી હતી.
- સેક્ટર-૨૭માં મહિલા મંડળના અગ્રણી કૈલાશબેન ગોસ્વામી અને ઈન્દુબેન નાયક દ્વારા પાણીના પાઉચનું વિતરણ તથા ડી.એસ.પી. કચેરી ખાતે એસ.આર.પી. ગૃપ-૧૨ ના ડીએસપી એન.એમ. ઝાલાએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું તથા એસ.આર.પી. ગૃપ-૧૨ના જવાનોએ સલામી આપી હતી. સોમેશ્વર મંદિર પાસે પી.એસ.આઈ. અનિલભાઈ સિંધેએ પોલીસ બેન્ડની તાલમાં આરતી ઉતારી હતી. ત્યારબાદ ડી.એસ.પી. અર્ચના શિવહરે, ડી.વાય.એસ.પી. એ.જે. જાડેજા, કોમલ દવેએ શ્રીફળ અને ફૂલહાર અર્પણ કરી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શિવશક્તિ મંદિર ચોકમાં કોર્પોરેટર જાગૃતિબેન, પ્રકાશભાઈ અને દેવેન્દ્રસિંહ ચાવડાએ રસના અને ઠંડા પાણીની વ્યવસ્થા કરી રથયાત્રા તથા નગરયાત્રીઓનું સ્વાગત કર્યું હતું. બાલ મુકુંદ સેવા સમિતિએ ચા નાસ્તો તથા ચીપ ટાઈપ શોપિંગ વેપારી એસોસિએશન દ્વારા બટાટા પૌંઆ અને ઠંડા પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સેક્ટર-૨૫/૨૬ની ચોકડીએ વસાહત મંડળના અગ્રણીઓએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૨૪માં આદર્શ વેપારી મંડળ દ્વારા રસના અને પ્રસાદનું વિતરણ કરાયું હતું. ચામુંડા ફેબ્રીકેશન દ્વારા ગાંઠીયા બુંદી અને લાડુનું વિતરણ કરાયું હતું. સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે સેક્ટર-૨૪ના યુવા અગ્રણી સંજીવ મહેતા, અંકિત બારોટ, રાજેશભાઈ પંચોલી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ચંદ્ર ફોટો સ્ટુડીયો દ્વારા શર્માજીએ ફૂલહારથી સ્વાગત કરી લચ્છીનું વિતરણ કર્યુ હતું. સેક્ટર-૨૪ના વેપારી એસોસિએશન દ્વારા ચવાણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંબિકા જ્વેલર્સ અને પાવન જ્વેલર્સના સભ્યો દ્વારા લીંબુ શરબત વહેંચવામાં આવ્યું હતું. બહેતુલ માલ કમિટિના સેક્રેટરી સલીમભાઈ, ઈન્દ્રીશભાઈ વોરા, યુનુસભાઈ પરમાર, માનવ એકતા મંચના યુસુફભાઈ આઈ. પરમાર, સૂર્યસિંહ ડાભી મહેન્દ્રસિંહ વાઘેલા, મહોમદસફી કુરેશી તથા યુથ કોંગ્રેસ ડેલીગેટના યુનસભાઈ પરમારે આઈસ્ક્રીમનું વિતરણ કર્યું હતું. બાપા સિતારામ મિત્રમંડળ દ્વારા મહાપ્રસાદનું વિતરણ તથા ઈન્દિરાનગર સે. ૨૪માં દેવીપૂજક સમાજ પક્ષીપંચ મોરચાના પ્રમુખ મંગળદાસ પટણી અને મંત્રી કમળાબેન પટણી દ્વારા બુંદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તસવીર : અર્પણ પંડ્યા



ત્યારબાદ ભારતનગરમાં ૭ બાળકીઓએ માથે બેડલા લઈ રથયાત્રાનું સુંદર રીતે સ્વાગત કર્યું હતું. ઓમ યુવક મંડળ અને કેટેગરી છ ટાઈપ તથા નવરાત્રી મંડળ દ્વારા બટાટા પૌંઆ અને રસનાનું વિતરણ કરાયું હતું.

- સેક્ટર-૨૩માં સ્વામીનારાયણ મંદિરે રથયાત્રાનું ભાવિક ભક્તો સંતો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શોપીંગ સેન્ટરે મેયર મહેન્દ્રસિંહ રાણા, યુસુફભાઈ પરમાર, જશુભા રાણા, નિશિથ વ્યાસ, અશ્વિન બારોટ, હર્ષિત પંડ્યા, કૌશિકભાઈ સુખડિયા, શહેર કોંગ્રેસ સમિતિના મુકેશ પટેલ, પંકજ શુક્લ તેમજ જ્યોતિ મહિલા મંડળના લત્તાબેન ચોકસીએ ભક્તિભાવપૂર્વક સ્વાગત કરી ભગવાન જગન્નાથજીની વંદના કરી હતી.
- સેક્ટર-૨૨માં આયુવેદ હોસ્પિટલ અને સ્વામીનારાયણ ગુરુકુળ ખાતે સેક્ટરના અગ્રણીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- વાયા ૨૨/૨૯, ચ-૬, શ્રી વૈજનાથ મહાદેવ મંદિર ખાતે તથા જિલ્લા પુસ્તકાલય, શાક માર્કેટ, શ્રી અંબાજી મંદિર ખાતે અગ્રણીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાંથી નિજ મંદિર સે. -૨૨ ખાતે રથયાત્રા પરત ફરી હતી.
- ગાંધીનગરની રથયાત્રામાં ૧ હાથી, ૫ ઘોડા, ૩ ઊંટલારી, ૧ મુખ્ય રથ, ૧ આચાર્યજીનો રથ, ૮ ટ્રેક્ટર, ૪ બગી, ૨ રીક્ષા, ૪ છોટા હાથી ટેમ્પો, પાંચ ૪૦૭ ટ્રક, ૧ મહાનગરપાલિકાનો ટેબ્લો, ૧ સ્કોર્પીયો, ૧ એમ્બ્યુલન્સ, ૧ ગ્રાહક હિત રક્ષક સમિતિની વાન, ૫ પોલીસ વાન સહિત ૫૦ જેટલા વાહનો જોડાયા હતા.
- સેક્ટર-૨૯માં વિસામા સમયે ૩ ઘોડીઓ ડી.જે.ના તાલે ભગવાનની રથયાત્રામાં જૂમી ઉઠી હતી અને ભારે આકર્ષણ જમાવ્યું હતું.

## પ્રસાદ, પાણી, શરબત અને ભક્તિની સરવાણીઓ દિવસભર વહેતી રહી

## આદરજ મોટી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

આદરજ મોટી પ્રાથમિક કુમાર-કન્યા શાળામાં પ્રવેશોત્સવ તા. ૧૬ જૂનના રોજ ઉજવાયો. ધોરણ-૧ અને ધોરણ-૮ અને આંગણવાડીના ભુલકાઓને માહિતી આધિકારી અર્ચનાબેન પટેલ , શિલાબેન તથા સરદારસિંહ સી.આર.સી. તથા ગામના સરપંચ, ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો. શાળા સમિતિના સભ્યો તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. આચાર્યશ્રી વિણાબેન બી. પટેલ તથા શાળાના શિક્ષકોએ બાળકોને કીટો વહેંચી હતી. પ્રસંગને અનુરૂપ બહેનોએ સુંદર ગીતો રજૂ કર્યા હતા.

તિથિ ભોજનના દાતા લક્ષ્મીબેન જીવણભાઈ શ્રીમાળી હતા. તેમજ ઈનામ વિતરણના દાતા બીપીનભાઈ પટેલ, જે.ડી. પટેલ, સુરસંગજી ગાંડાજી ઠાકોર હતા. શાળામાં પ્રદર્શન યોજાયું હતું. જે નિહાળીને પ્રભાવિત થયા હતા. શાળા પ્રવેશોત્સવની ઉજવણી માટે પ્રાથમિક શાળાના શિક્ષકગણે ખૂબજ જહેમત લીધી હતી.

## ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ (સે. ૭ ડી)ની બેઠક ૨૩મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૭-ડી, શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ, સેક્ટર-૭-ડીની કાર્યવાહક સમિતીની સંયુકત બેઠક તા. ૨૩મી જૂન ૨૦૧૨ને શનિવારે સાંજે ૬ કલાકે પ્લોટ નં. ૧૨૪૨/૨, સેક્ટર-૭-ડી, ગાંધીનગર ખાતે યોજાશે.

સંસ્થાના પ્રમુખ જે.જી. ભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજાનાર બેઠકમાં વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવશે તથા સેકટર-૭-ડીના રહેવાસીઓના સભ્યોના ધોરણ-૧૦ અને ૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમ અંગેની તારીખ, સમય અને સ્થળ નક્કી કરવા અંગે, શહેરીજન સંસ્થાના ૭૫ વર્ષ પૂરા કરનાર સભ્યોના સન્માન કાર્યક્રમ અંગે, સેકટર-૭-ડીના રહેવાસીઓને આવરી લેતી 'દ્વિ-દશાબ્દી ડિરેકટરી' પ્રસિદ્ધ કરવા માટેના ફોર્મમાં દરેક રહેવાસીની માહિતી એકત્રીત કરવા તથા જે સભ્યોની આજીવન સભ્ય ફી બાકી હોય તેની ફી સત્વરે ભરવા બાબત ચર્ચા વિચારણા કરવામાં આવશે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણો પ્રાપ્ત કરનાર પૌત્રાદીઓની માર્કશીટ તા. ૩૦મી જૂન ૨૦૧૨ સુધીમાં પ્રમુખ જે.જી. ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨, અથવા મહામંત્રી કે.ઓ. વ્યાસ પ્લોટ નં. ૧૨૯૫/૧ ખાતે પહોંચતા કરવા જણાવ્યું છે.

## સરસપુરની પોળોમાં સવા લાખ ભક્તોએ ભાવથી ભોજન લીધું

અમદાવાદ,તા. ૨૧

સરસપુરમાં રથયાત્રા પ્રવેશે ત્યારે રથયાત્રામાં જોડાયેલા મોટાભાગના ભાવિકોને પાંચાવાડનું રૂડીબાનું રસોડુ અચુક યાદ આવે છે. જે ચોથી પેઢીએ પણ અહીં ધમધમે છે. આજે પરંપરાગત નીકળેલી ૧૩૪મી રથયાત્રામાં સામેલ સાધુ-સંતો અને ખલાસીભાઈઓ માટે વાસણ શેરીમાં પરંપરાગત અલાયદા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે અન્ય ભાવિકોને પુરી-બટાકાનું શાક, બુંદી, મોહનથાળ, ખિચડી અને દાળ-ભાત પીરસવામાં આવ્યું હતું. સરસપુરની તળીયાની પોળ અને ઠાકોરવાસમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# વિશ્વ સંગીત દિને શિવરંજની દ્વારા સંગીત સર્કલે સુરોનો અભિષેક થયો

### ગણેશ વંદનાથી વિવિધ રાગોની સાથે સુરીલી સંગતથી પિનાકીન વ્યાસના કર્ણમધુર વૃંદે સંગીતપ્રેમી જનતાને રસતરબોળ કરી દાદ મેળવી લીધી





તસવીર : દિપક જાની

(સંજય થોરાત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૧

આજે વિશ્વ સંગીત દિવસ છે અને એના માનમાં ગાંધીનગરના ગ-૧ના સંગીત સર્કલે શિવરંજની દ્વારા સંગીતની ઉપાસના કરવાનો કાર્યક્રમ સવારના પવન અને પક્ષીના અવાજની લયમાં યોજાઈ ગયો. સંગીત એ કુંભ રાશિનું નામ છે અને સંગીત સાથે જોડાયેલા ભગવાન શંકર, ગણપતિ અને સરસ્વતી પણ કુંભ રાશિ ધરાવે છે એવી માહિતી સાથે પિનાકીનભાઈએ કાર્યક્રમની શરૂઆત સર્કલે (જે પણ કુંભ રાશિ ધરાવે છે) કરાવી હતી !!

કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, શિવરંજનીના પ્રમુખ વાગ્મિનભાઈ બુચ, જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા અને સંગીતના ઉપાસક પિનાકીનભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના ઉદ્‌બોધનમાં શિવરંજનીના પ્રમુખ શ્રી વાગ્મિન બુચે એવી અપેક્ષા સેવી કે રથયાત્રામાં જોડાતાં લોકોની સંખ્યાના એક ટકા લોકો પણ સંગીતની ઉપાસનામાં જોડાય તો ધન્ય થઈ જવાય. આ સંગીત સર્કલને શિવરંજની અપનાવી તેનો વિકાસ કરશે અને દરરોજ સવાર સાંજ કર્ણમધુર સુરાવલીઓ રેલાશે એવી ઈચ્છા એમણે પ્રગટ કરી હતી.

વિશ્વ સંગીત દિને સંગીતાંજલી અર્પવા પિનાકીનભાઈ વ્યાસ અને એમના રિયાઝી ગાયક વૃંદે ગણેશ વંદનાની પ્રસ્તુતિથી જ પ્રતીતિ કરાવી કે આવનારો કલાક સંગીતની સુરાવલી અને આલાપથી તરબતર હશે. સરસ્વતી વંદના, શિવ વંદના, રાગ શંકરા, હે જગ ગાતા વિશ્વ વિધાતા, સુગમ સંગીતમાં છેલાજી રે મારે હાટુ પાટણથી પટોળા, રીમઝીમ રીમઝીમ વાદળ વરસે, ભજન મળતો રહેજે મળતો રહેજેની એક બાદ એક રજૂઆતથી સંગીતની સવાર સજી ગઈ અને શ્રોતા ભરપૂર આનંદ ઊઠાવતા રહ્યા !!

સંગીતના સુરોના અભિષેકમાં પેક્ષા વ્યાસ, લોપા શર્મા, ધારિણીબેન દેસાઈ, માયાબેન ચૌહાણ, મિતિ ભટ્ટ, દિશા માંકડ, મમતાબેન રાવલના વૃંદે એવી તો રંગત જમાવી કે લતાના લાઈવ ઑરકેસ્ટ્રાનું કોરસ યાદ આવી જાય. પિનાકીનક વ્યાસ, રાજનભાઈ ચૌહાણ, જગદીશભાઈ જાદવ, ગિરીશભાઈ પટેલ અને દીપ વ્યાસે હાર્મોનિયમ, તબલાં જેવાં વાજીંત્રોથી સંગત પુરાવી... ભજન અને સુગમ સંગીતની રજૂઆતમાં રાગ માલાની એન્ટ્રીએ રાગ ભિમપલાસી, કેદાર, બિહાગ, પટદીપ, દરબારી, તરાના રજૂ કરી શાસ્ત્રીય રાગોની રમઝટ બોલાવી દીધી.

કાર્યક્રમની સમાપ્તીમાં રાગ ભૈરવી રજૂ કરી હરેકૃષ્ણ હરે રામની ધૂન જમાવી વિશ્વ સંગીત દિનને ખરા અર્થમાં સંગીતમય બનાવી દીધો. કાર્યક્રમની આભારવિધિ જયરાજસિંહ સરવૈયાએ કરી શનિવારે યોજાનારા શિવરંજનીના અમર અવિનાશી કાર્યક્રમની યાદ કરાવી દીધી. સંગીતપ્રેમી જનતાએ ધ્યાનથી પ્રેમથી કાર્યક્રમ માણી સંગીતને એમની શ્રધ્ધાંજલી અર્પી. સંગીતની આરાધનામાં અવનવાં કાર્યક્રમો અવારનવાર યોજાતાં રહે એવી જ વિશ્વ સંગીત દિને અભ્યર્થના કરવી રહી.



રાષ્ટ્રસંત તરૂણસાગર મહારાજશ્રીના અમદાવાદ તરફના પ્રસ્થાન દરમ્યાન ચ રોડ ઉપર ગાંધીનગર સમાચાર પરિવાર તથા સ્થાનિક વસાહતીઓએ તેમનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. પ્રમુખભાઈ પટેલે પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. (તસવીર : દિપક જાની)

# મોસાળની વિધિમાં પ્રથમ વખત સોનાનાં કુંડળ-મંગળસૂત્ર અપાયાં

અમદાવાદ,તા. ૨૧

શહેરમાં આજે નીકળેલી ૧૩૫મી રથયાત્રા જ્યારે મોસાળમાં આવી પહોંચી ત્યારે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને બળદેવજીનું સરસપુરના ભાવિકોએ સોના-ચાંદીના દાગીના તેમજ અલંકારીત વસ્ત્રો ચઢાવી વાજતે-ગાજતે સામૈયુ કર્યું હતું.

ચાલુ વર્ષે મામેરામાં પ્રથમવાર ભગવાનને સોનાના કાનના કુંડળ અને બહેન સુભદ્રાજીને સોનાનું મંગળસુત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આ સમયે સમગ્ર વિસ્તાર જય રણછોડ માખણચોરના નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. સરસપુરમાં રથયાત્રાનું આગમન સમયસર રહ્યું હતું. મામેરાના યજમાન પદની યાદીમાં ચાલુ વર્ષે છેલ્લા યજમાન હતા. હવે યજમાનોની નવી યાદી દિવાળી પછી જાહેર કરવામાં આવશે.

## સલામ છે સુશીલાબેન ભાવસારને

ગાંધીનગર, તા. ૨૧

જગતમાં અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તે ઉક્તિને ખરેખર આજે ગાંધીનગરના વયોવૃદ્ધ ૭૮ વર્ષનાં સુશીલાબેન ભાવસારે સાચા અર્થમાં સાર્થક કરી છે. સુશીલાબેન છેલ્લાં ૨૭ વર્ષતી નિયમિત રથયાત્રામાં જોડાઈ યુવાનોને પણ શરમાવે તેવી તાકાત બતાવે છે. આજે એ જૂનો ઈતિહાસ વાગોળતાં સુશીલાબેન અત્યંત આનંદિત થઈ ઊઠ્યા હતા અને એમણે એવી ખાતરી આપી હતી કે જ્યાં સુધી પોતાના પગ સલામત છે ત્યાં સુધી પોતે ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં દર વર્ષે જોડાશે જ. યુવાનોને શરમાવે એવા ગાંધીનગરનાં નવયુવાન વૃધ્ધા સુશીલાબેનને સલામ છે.

## રથયાત્રા મહોત્સવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વૈજનાથ મહાદેવ પાસેથી સે. ૨૧ શાકમાર્કેટ અને અંબાજી મંદિર પહોંચી હતી. જ્યાંથી સાંજે નિયત સમયે રથયાત્રા નિજમંદિર પરત થઈ હતી. ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ભાવિકો દ્વારા ઠેર ઠેર વધામણીઓએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. સે. ૩/૬, સે. ૭, સે. ૨૪, સે. ૨૯ અને સે. ૨૧ ના શોપીંગ વિસ્તારમાં ભાવિકોની વિશેષ ભીડ જોવા મળી હતી. રથયાત્રામાં મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલ તેમજ કોર્પોરેટર અશ્વિન વ્યાસ શરૂઆતથી જ સાથે જોડાયા હતા. રથયાત્રાના રૂટમાં ટ્રાફિક નિયમન સહિત કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ જવાનોએ પણ ખડેપગે ફરજ બજાવી હતી. રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ રથયાત્રા સમિતિના મંત્રી દિનેશ કાપડીયાએ નગરજનોનો આભાર માન્યો હતો.